
# श्री
# साध्वाचार समुच्चय प्रकरणम् ।




रचयिता : प. पू. गणिवर्य श्री नयवर्धन विजय महाराजः ।

રામચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

॥ नमामि नित्यं गुरुरामचन्द्रम् ॥

# : श्री साध्वाचार-समुच्चय प्रकरणम् :

-: रचयिता :-

पूज्यपाद परम शासनप्रभावक व्याख्यानवाचस्पति
तपागच्छाधिपति आचार्यसम्राट

**श्रीमद्विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा**

शिष्यरत्न पूज्यपाद

गणिवर्य **श्री नयवर्धन विजय महाराजः**

નમો ધમ્મચક્કવટ્ટીણં
પદ્મપરાગ પ્રકાશન

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક: 007425
સ્થાન: 05.10
શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ

-: प्रकाशिका :-

श्रीमती भारतवर्षीय जिनशासन सेवा समितिः

ગ્રન્થ:

# શ્રી સાધ્વાચાર સમુચ્ચય પ્રકરણ

પ્રકાશન :
વીર સં. ૨૫૨૮, વિક્રમ સં. ૨૦૫૮ માઘ શુક્લ - ૧૧,

આવૃત્તિ : પ્રથમ મૂલ્ય : ૨૫/-

મુદ્રક :- જવાહર કેશવજી ગોગરી • મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ
૪૨, આઈડીયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતી બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩. • ફોન નં.: ૪૯૨ ૧૯ ૬૪

---

## -: પ્રાપ્તિ સ્થાન :-

૧ **સતીશભાઈ વી. જરીવાલા** ૭, શ્યામકુંજ, ૮૬, વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦૦૦૬. ફોન નં.: ૩૬૯૧૯૮૭ / ૩૬૮૬૭૦૭

૨ **સેવંતીલાલ વી. જૈન** ૨૦, મહાજનગલી, ઝવેરી બજાર, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન નં.: ૨૪૦૪૭૧૭ / ૨૪૧૨૪૪૫

૩ **અનંતકુમાર નગીનદાસ શાહ** 'રાજગૃહી', ૩૪, પ્રહ્લાદ પ્લોટ કોર્નર, રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન નં.: ૨૩૪૦૫૮


૪ **હર્ષદભાઈ એસ. નહાર** 'વિરતિ', બંગલા નં.-૧૦, અલકાપુરી સોસાયટી, વાપી (ગુજરાત). ફોન : ૪૬૨૬૯૯

૫ **ચંદ્રકાંત એચ. શાહ** ૫૦૨, મંથન એપાર્ટમેન્ટ, ક્ષેત્રપાળ મંદિરની બાજુમાં, મજુરા ગેટ, સુરત. ફોન : ૬૧૨૮૯૫

૬ **મિલનભાઈ કે. શાહ** ૩, પ્રતિક એપાર્ટમેન્ટ, યોગેશ્વર નગર સોસાયટી, ધરણીધર દેરાસર રોડ, પાલડી, અમદાવાદ - ૭. ફોન : ૬૬૦૩૮૭૧ / ૬૬૦૯૩૧૬

૭ **ધરણેન્દ્રભાઈ વી. શાહ** ૩૦૧-બી, ચંદનબાળા, મહાલક્ષ્મી રોડ, પાલડી, અમદાવાદ - ૭. ફોન : ૬૫૮૯૭૬૮

૮ **રાજેન્દ્રભાઈ મફતલાલ શાહ** ૩, વિશ્વમંગલ સોસાયટી, શરણપૂર રોડ, તિળકવાડી, જૂના આર. ટી. ઓ., નાસિક - ૪૨૨૦૦૧. ફોન : (O.) : ૭૪૮૫૭ / (R.) ૫૮૦૭૫૬



શાસ્ત્રાધ્યયનમાં નિમગ્ન પૂ. ગુરૂદેવ
શ્રીમદ્ વિજય રામચંદ્રસુરીશ્વરજી મહારાજા



પૂજયપાદ અનુપમસમતા સાધક મુનિરાજ
શ્રી નયદર્શન વિજયજી મ. સા.

# સુકૃતના સહભાગી :

પ્રસ્તુત ગ્રંથ

**શ્રી સાધ્વાચાર સમુચ્ચય**ના

પ્રકાશનકાર્યમાં

શ્રી ભાવેશકુમાર એન. શાહ

શ્રીમતી શારદાબેન ભીખુભાઈ મહેતા,

શ્રીમતી રશ્મિબેન શાહ,

આ સૌ પુણ્યાત્માઓએ સહભાગી

બની સુંદર સુકૃતનું ઉપાર્જન કર્યું છે.

શ્રી ભા. જિ. સમિતિ, તેઓની ભૂરિ ભૂરિ

અનુમોદના કરે છે.

શ્રી ભારતવર્ષીય જિનશાસન

સેવા સમિતિ.

# પ્રકાશકીય

આજે આપના સૌના કરકમલોમાં શ્રી સાધ્વાચાર સમુચ્ચય પ્રકરણ ગ્રંથ સાદર સમર્પિત કરતાં અમો અતિધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

પરમારાધ્યપાદ પરમતારક પરમોપકારી આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** ભવ્યાતિભવ્ય સ્મૃતિમંદિરનો અંજન-પ્રતિષ્ઠાનો ઐતિહાસિક પ્રસંગ જ્યારે ઉજવાય રહ્યો છે, ત્યારે જ આ ગ્રંથનું થઈ રહેલું પ્રકાશન, પૂજ્યપાદ સ્વ. ગુરુદેવશ્રીજીને શ્રેષ્ઠતમ શ્રદ્ધાંજલિ બની રહેશે.

પૂજ્યપાદ સ્વર્ગીય ગુરુદેવશ્રીજીના પ્રભાવક શિષ્યરત્ન પૂજ્યપાદ સાત્ત્વિક તાત્ત્વિક પ્રવચનકાર **ગણિવર્ય શ્રી નયવર્ધન વિજયજી મ. સા.** એ આજથી વીશ વર્ષો પૂર્વે સાધ્વાચાર વિષયક આ ગ્રંથની રચના કરેલી છે. તે ગ્રંથ આજે અમારી આગ્રહભરી વિનંતિના પરિપાકરૂપે પ્રકાશન પામી રહ્યો છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના ચરણસીત્તરી-કરણસીત્તરી સંબંધી આચારોના સુંદરપ્રકારે વર્ણનથી ગુંથાયેલો આ ગ્રંથ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તો અત્યંત ઉપયોગી ઉપકારક બની રહેશે.

આ ગ્રંથના પ્રકાશન દ્વારા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમની સાધનામાં અમો આ રીતે પણ સહાયક બની શકશું તેના આનંદ સાથે...

**શ્રી ભારતવર્ષીય જિનશાસન સેવા સમિતિ.**

# આમુખ

અનંતોપકારી અનંતકરુણાના સાગર શ્રી અરિહંત ભગવંતોએ સર્વ દુઃખોના અભાવસ્વરુપ અને સર્વસુખોના અનુભવસ્વરુપ શ્રી સિદ્ધિપદને પામવામાટેનો રાજમાર્ગ 'સમ્યક્ચારિત્ર' દેખાડ્યો છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પણ સમ્યક્ચારિત્ર વગર પોતાના વાસ્તવિક ફળને આપવામાં અધૂરા છે. સમ્યક્ચારિત્ર જ મોક્ષના અનંત-અવિનાશી-અવ્યાબાધ સુખનું અનંતર કારણ બને છે.

આવું સાધુપણું એ વિશિષ્ટ વિચાર સ્વરૂપ હોવા સાથે વિશિષ્ટ-આચારસ્વરૂપ છે. સર્વસાવદ્યના પરિહારસ્વરૂપ સાધુજીવનની સાધના માટે આત્માએ સર્વ પ્રકારે વિશિષ્ટ અને નિર્દોષ એવા આચારોના પરિપાલક બનવું પડે છે.

આવા સંયમોપયોગી આચારોને શાસ્ત્રીય પરિભાષામાં ચરણસિત્તરિ અને કરણસિત્તરિ કહેવામાં આવે છે. આવા ચરણ અને કરણના સીત્તેર સીત્તેર ભેદો સાધુએ જીવનમાં યથાયોગ્ય રીતે પાળવાના હોય છે.

આવા આવા સાધ્વાચારોનું વર્ણન અનેક શાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે. તેની જ કાંઈક અનુવૃત્તિ આ પ્રકરણની રચના વડે કરવામાં આવી છે.

આ પ્રકરણ રચનાના મૂળને જો વિચારીએ તો વિ.સં. ૨૦૩૭ ની સાલમાં પરમારાધ્યપાદ પરમતારક અનંતોપકારી ગુરુદેવ આચાર્ય ભગવાન શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** પાટણ અને આસપાસના પ્રદેશને પાવન કરતાં વિચરી રહ્યા હતાં. વિશાળ મુનિગણની સાથે વિહરતા પૂ. **ગુરુદેવશ્રીજી**ની નિશ્રામાં અમો પણ સાથે જ હતાં. ત્યારે પૂજ્યપાદ વિદ્વાન **મુનિપ્રવર શ્રી હેમભૂષણ વિજયજી મ.સા.** (હાલ આચાર્ય) પાસે મારે શ્રી પ્રવચન સારોધ્ધાર ગ્રંથનું વાચન ચાલતું હતું. તેવામાં એકદા તેઓશ્રીએ મને પ્રેરણા કરી કે - ચરણસિત્તરિ અને કરણ સિત્તરિના બધા આચારોનું વર્ણન એકત્ર જ પ્રાપ્ત થઈ જાય, આવા કોઈક પ્રકરણની તું રચના કરે તો બધા સાધુ-સાધ્વીજીઓને આ બધા આચારો મુખપાઠ રાખવા માટે આધાર મળી જાય. કુણઘેર ગામે અમારી વાચનાના સમયે તેઓશ્રીએ આવી પ્રેરણા કરી અને મેં ઝીલી લીધી. ત્યાંથી પાટણ આવવાનું થયું. તેથી પ્રગટપ્રભાવી શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી આ પ્રકરણની રચના કરવાનો એક બાલયોગ્ય પ્રયાસ કર્યો. તેમાં તારણહારા પૂ. ગુરુદેવશ્રીજીની અચિંત્યકૃપાના પ્રભાવે કાંઈક સફળતાનો અનુભવ થયો અને ચૈત્ર વદ ૮ ના ઉંબરી ગામે આ ગ્રંથરચના પરિસમાપ્તિને પામી.

આ ગ્રંથમાં આ રીતે ચરણસિત્તરિના અને કરણસિત્તરિના આચારોની ગૂંથણી કરવામાં આવી છે. પૂર્વાપર સંકલના સુંદર રીતે થાય તેથી ચરણ અને કરણના આચારો મિશ્રણની રીતે આમાં રજુ કરાયા છે. પણ તો ય દરેક આચારોનું વર્ણન આવી જાય તેની કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

પછી પૂજ્ય વિદ્વાન મુનિરાજ **શ્રી કીર્તિયશ વિજયજી** મ.સા. (હાલ આચાર્ય) ને પણ આ કાર્યની જાણ કરતાં

તેઓશ્રીએ આમાં પાછળ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં મુનિવરને અપાયેલી ઉપમાઓ પણ આમાં સંમિલિત કરાય તો સારૂંનું સૂચન કર્યું જેને ઝીલીને આમાં પ્રાંતે તે ઉપમાઓને પણ શ્લોકબદ્ધ કરવામાં આવી છે.

આ ગ્રંથરચનાનું સૌથી મોટું સદ્ભાગ્ય એ છે કે -

પરમારાધ્યપાદ સકલશ્રુતહાર્દવેદી સર્વજ્ઞશાસન સૂત્રધાર પરમતારક ગુરુદેવ આચાર્યપાદ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની તત્ત્વપૂતદષ્ટિ તળેથી પસાર થવાનું બન્યું છે. સં. ૨૦૩૭ ના વૈશાખમાસમાં નવાડીસા નગરે ચાલી રહેલા ભવ્ય અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પરમતાતપાદશ્રીજીએ આ સંપૂર્ણકૃતિનું અવલોકન કરી, મારી ક્ષતિઓ તરફ ધ્યાન દોર્યું હતું. જેનું પરિમાર્જન કરવામાં આવ્યું છે.

વિષય, વ્યાકરણ અને છંદની દષ્ટિએ કોઈ ક્ષતિ રહી જવા ન પામે તે હેતુથી પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય **જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ.સા., પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય **મુક્તિપ્રભ સૂરીશ્વરજી** મ.સા., પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય **ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી** મ.સા. તથા પાટણમાં રહેતા **પંડિત શ્રી ચંદ્રકાન્તભાઈ** વગેરે વિદ્વાનોને પણ આ કૃતિ દેખાડવામાં આવી હતી. તેઓ સર્વેએ ખાસ સમય કાઢી, કાળજીપૂર્વક તપાસી, ક્ષતિઓ તરફ મારું ધ્યાન દોરી, મારી ઉપર અવર્ણનીય ઉપકાર કર્યો છે. કૃતજ્ઞભાવે તેઓ સર્વેનું હું સ્મરણ કરું છું.

છતાં પણ છદ્મસ્થભાવના કારણે આમાં જો કોઈ પણ ક્ષતિઓ રહી જવા પામી હોય તો ગુણગ્રાહી સજ્જન મહાત્માઓ એ તરફ મારું ધ્યાન દોરી મારા ઉપર ઉપકાર કરે તેવી પ્રાર્થના કરું છું.

પરમારાધ્યપાદ, પરમતાતપાદ, પરમોપકારી પરમ કરુણાવતાર, પરમ ગુરૂદેવ આચાર્યભગવાન **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની, પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ, વાત્સલ્યનિધિ આચાર્ય દેવેશ શ્રીમદ્ **વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા**ની તથા પૂજ્યપાદ પરમોપકારી અનુપમસમતા સાધક **સ્વ. મુનિપ્રવરશ્રી શ્રી નયદર્શન વિજયજી મ.સા.** ની અચિંત્ય કૃપાના પ્રભાવે જ આ પ્રકરણ રચનાનો બાલ પ્રયાસ પણ પૂર્ણતાને પામ્યો છે. એમ હું નિ:સંદેહપણે માનું છું અને તેથી જ તે તે તારકોના ચરણોમાં કૃતજ્ઞભાવે વંદના પાઠવું છું.

પ્રાંતે, આ પ્રકરણગ્રંથની રચનાના પ્રભાવે મારું સંયમ-જીવન વધુને વધુ નિર્મળ-નિરતિચાર બને અને સાથોસાથ આ ગ્રંથનો અભ્યાસ કરનાર શ્રમણ-શ્રમણીઓ પણ આ ગ્રંથમાં કહેવાયેલા આચારોના સુંદર પરિપાલક બને, અને એમ કરતાં કરતાં મારી/સૌની મુક્તિ ખૂબ જ નીકટ બને એજ એક સદાની **મંગલકામના.**

**પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ**
**ગુરુદેવ આચાર્ય** ભગવાન
**શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી**
મહારાજ પાદપદ્મપરાગ
મુનિ **નયવર્ધન વિજય** ગણી

વિ.સં. ૨૦૫૭,
પોષ સુદ-૧૩ રવિવાર,
ચંદનબાળા,
અમદાવાદ.

|| ॐ ह्रीं धरणेन्द्र पद्मावतीपरिपूजिताय श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः ||
|| णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ||
|| सर्वलब्धिनिधान श्री गौतमगणधरेन्द्राय नमः ||
|| गणसम्पत्समृद्ध श्री सुधर्मस्वामिने नमः ||
|| परमतारकानन्तोपकारिपरम गुरुदेवाचार्य भगवद्विजय रामचन्द्र सूरिवरेन्द्राय नमः ||
|| वर्तमानगच्छाधिपति परमोपकारि पू.आ.भ. विजय महोदयसूरीश्वराय नमः ||
|| अनुपमसमतासाधकानन्योपकारिमुनिप्रवर श्री नयदर्शन विजयाय नमः ||

|| ॐ ऐँ नमः ||

# : श्री साध्वाचार समुच्चय प्रकरणम् :

पार्श्वेशमिष्टदं नत्वा, नुत्वा सद्गुरुशेखरम् ।
स्मृत्वा च शारदां वक्ष्ये, साध्वाचार समुच्चयम् ॥१॥

**શ્લોકાર્થ :** સકલવાંછિત દાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને, સદ્ગુરુઓમાં ચૂડામણિ સમાન ગુરુદેવની સ્તવના કરીને અને શ્રી સરસ્વતીદેવીનું સ્મરણ કરીને હું 'સાધ્વાચાર સમુચ્ચય' નામક પ્રકરણને કહીશ... ૧

साधयति यते धर्मं, शिवशर्मप्रदायकम् ।
साहाय्यं कुरुतेऽन्यांश्च, साधुरिति निरुच्यते ॥२॥

**શ્લોકાર્થ :** મોક્ષફલ પ્રદાયક એવા સાધુના ધર્મને જે સાધે છે

અને અન્ય સાધકોને સહાય કરે છે તે સાધુ કહેવાય છે. ૨

चरणसप्ततिः प्रोक्ता, करणसप्ततिस्तथा ।
ताभ्यामाराध्यते सम्यक्, चारित्रं शिववाञ्छिभिः ॥३॥

**શ્લોકાર્થ :** (સાધુના આચારોમાં) ચરણસિત્તરી તથા કરણસિત્તરી કહેલી છે. તે બે વડે જ (તે તે આચારોના પાલન વડે જ) શિવવાંછી એવા સાધુઓ વડે ચારિત્ર સમ્યક્પ્રકારે આરાધી શકાય છે. ૩

तत्र संयमदेहस्य, जननात् परिपालनात् ।
शोधनाच्चैव साधूनां, मातरोऽष्टौ मताः सताम् ॥४॥

**શ્લોકાર્થ :** તેમાં (ઉપરોક્ત સાધ્વાચારોમાં) સંયમરૂપી દેહને જન્મ આપવાથી, સંયમરૂપી દેહનું પરિપાલન કરતી હોવાથી તથા (દોષ પરિહારથી) શુદ્ધિ કરતી હોવાથી ઉત્તમ એવા સાધુઓની આઠમાતાઓ (પ્રવચન માતા) માનવામાં આવી છે. ૪

***આઠ પ્રવચનમાતાની ગણના કરાય છે.***

समितिपञ्चकं तत्र, गुप्तीनां त्रितयं तथा ।
इर्याभाषैषणादान - निक्षेपोत्सर्गसंज्ञिकाः ॥५॥

पञ्चसमितयश्चैवं, मनोवाक्कायभेदतः ।
प्रोक्तं गुप्तित्रयं चेति, मातॄणामष्टकं भवेद् ॥६॥

**શ્લોકાર્થ :** તે (અષ્ટ પ્રવચનમાતા)માં પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે. તેમાં ઈર્યા-સમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-નિક્ષેપસમિતિ તથા ઉત્સર્ગ (પારિષ્ઠા-પનિકા) સમિતિ આ નામની પાંચ સમિતિઓ છે, તેમજ મન-વચન-કાયાના ભેદથી ત્રણ ગુપ્તિઓ કહેલી છે. આ પ્રમાણે આઠ પ્રવચન માતાઓ થાય છે. ૫-૬

*હવે એક-એક સમિતિનું સ્વરૂપ જણાવાય છે.*

जनातिसंसृते मार्गे, सूर्यांशुद्योतिते गतिः ।
विलोक्य जंन्तुरक्षार्थं, समितिः सादिमा मता ॥७॥

**શ્લોકાર્થ :** લોકોથી ગમનાગમન કરાયેલા અને સૂર્યના કિરણોથી અતિપ્રકાશિત બનેલા માર્ગ ઉપર જીવરક્ષા માટે જોઈને યતનાપૂર્વક ચાલવું (ગમન કરવું) તે પ્રથમ સમિતિ માનેલી છે. ૭

प्रियमितमसावद्यं, कारणे सत्यभाषणम् ।
वाक्समितिः समुक्ता सा, कारणेऽ सत्यभाषणम् ॥८॥

**શ્લોકાર્થ :** કારણ હોય ત્યારે પ્રિય, પ્રમાણોપેત અને

પાપરહિત એવું સત્યવચન બોલવું અને કારણ ન હોય તો ન બોલવું તે ભાષાસમિતિ કહેવાય છે. ૮

द्विचत्वारिंशता भिक्षा - दोषैरपरिदुषितम् ।
गृह्यतेऽशनपानादि, सैषणा समितिर्मता ॥९॥

**શ્લોકાર્થ :** ભિક્ષાના બેંતાલીશદોષોથી અદુષિત એવા અશન-પાન વગેરે જે ગ્રહણ કરાય, તે એષણા સમિતિ માનેલી છે. ૯

निरीक्ष्य चक्षुषा पूर्वं, परिमृज्य च वस्तूनि ।
तन्निक्षेपस्तदादान - मादानसमितिः स्मृता ॥१०॥

**શ્લોકાર્થ :** વસ્તુઓને સૌથી પહેલા ચક્ષુથી જોઈને અને પછી રજોહરણાદિથી પ્રમાર્જીને તેને લેવા-મૂકવાની ક્રિયા તે આદાન નિક્ષેપણા સમિતિ કહેવાઈ છે. ૧૦

निर्जन्तुमेदिनीभागे, परिष्ठेयप्रवर्जनम् ।
सोपयोगं यतीनां हि, समितिः पञ्चमी भवेत् ॥११॥

**શ્લોકાર્થ :** જીવજંતુ રહિત સ્થંડિલભૂમિ ભાગમાં પરઠવવા યોગ્યને (કફ-મૂત્ર-મળ-વસ્ત્ર-આહારાદિને) યતનાપૂર્વક પરઠવવું તે સાધુની પાંચમી (પારિષ્ઠાપનિકા) સમિતિ છે. ૧૧

दुष्टचित्तनिरोधश्च, सन्नियोगस्तु चेतसः ।
आत्मलीनं मनश्चैव, मनोगुप्तिरुदाहृता ॥१२॥

**શ્લોકાર્થ :** આર્તધ્યાનાદિ દુષ્ટચિત્તનો નિરોધ, ચિત્તનું શુભ-

ભાવમાં સ્થાપન, અથવા આત્મભાવમાં લીન એવું મન, તેને મનોગુપ્તિ કહેવામાં આવી છે. ૧૨

मौनस्यालम्बनं यत्तु, संज्ञादिपरिहारतः ।
संवृत्तिरथवा वाचो, वाग्गुप्तिर्गदिता बुधैः ॥१३॥

**શ્લોકાર્થ :** સંજ્ઞા (ઈશારા) વગેરેનાં પરિહારપૂર્વક જે મૌન ધારણ કરવું તેને પંડિતોએ વચનગુપ્તિ કહેલી છે. અથવા વાચના-પૃચ્છના વિગેરે સ્વાધ્યાય સમયે મુહપત્તિના ઉપયોગાદિપૂર્વક બોલવું તે પણ વચન ગુપ્તિ કહેલી છે. ૧૩

परीषहोपसर्गेषु, कायोत्सर्गजुषो यतेः ।
नैश्चल्यं वपुषो यत् सा, कायगुप्ति र्निगद्यते ॥१४॥

**શ્લોકાર્થ :** કાયોત્સર્ગથી (કાયનિરપેક્ષતા રૂપત્યાગ) યુકત સાધુને પરીષહ - ઉપસર્ગ વગેરેના પ્રસંગમાં જે કાયાની નિશ્ચલતા હોય છે તે કાયગુપ્તિ કહેવાય છે. ૧૪

स्वापोपवेशनादान - निक्षेपचङ्क्रमादिषु ।
स्वाच्छंद्यविकला चेष्टा, कायगुप्तिर्मतान्यथा ॥१५॥

**શ્લોકાર્થ :** સુવું, બેસવું, ગ્રહણ કરવું, મૂકવું, ચાલવું વિગેરે પ્રવૃત્તિઓમાં સ્વચ્છંદતા (ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ) રહિત જે ચેષ્ટા કરવી તેને પ્રકારાંતરથી કાયગુપ્તિ માનેલી છે. ૧૫

***આ પ્રમાણે અષ્ટ પ્રવચનમાતાના સ્વરૂપનું નિરૂપણ કર્યું, તે અષ્ટપ્રવચનમાતા જે ચારિત્રને જન્મ આપે છે, તે ચારિત્ર, મહાવ્રતો સ્વરૂપ હોવાથી હવે પાંચ મહાવ્રતોનું નામ તથા સ્વરૂપ કહેવાય છે.***

**हिंसातोऽसत्यतश्चौर्या - दब्रह्मणः परिग्रहात् ।**
**महाव्रतानि प्रोच्यन्ते, विरतिः सर्वथा तु या ॥१६॥**

**શ્લોકાર્થ :** હિંસાથી, અસત્યથી, ચૌર્યથી, અબ્રહ્મથી અને પરિગ્રહથી સર્વથા વિરામ પામવું તે જ મહાવ્રતો કહેવાય છે. ૧૬

**त्रसस्थावरजन्तूनां, जीवितव्यपरोपणम् ।**
**प्रमत्तयोगयोगान्न, तदहिंसाव्रतं मतम् ॥१७॥**

**શ્લોકાર્થ :** પ્રમાદયુકત યોગના કારણે ત્રસ-સ્થાવર જીવોના જીવિતનો વિનાશ નહી કરવો તે અહિંસાવ્રત (પ્રથમ મહાવ્રત) માનેલું છે. ૧૭

**वाणी पथ्या प्रिया तथ्या, उक्तं तत्सूनृतं व्रतम् ।**
**अप्रिया चाहिता वाणी, तथ्यापि नोच्यते व्रतम् ॥१८॥**

**શ્લોકાર્થ :** હિતકારી, પ્રિય, અને સત્ય એવી વાણી સૂનૃતવ્રત (બીજું મહાવ્રત) કહેવાય છે અને અપ્રિય તથા અહિતકારી એવી સત્યવાણી પણ વ્રત કહેવાતી નથી. ૧૮

अदत्तानामनादान - मस्तेयं कीर्तितं व्रतम् ।
स्वाम्यदत्तादिभेदेन, चतुर्धोक्तं महर्षिभिः ॥१९॥

**શ્લોકાર્થ :** નહીં આપેલી વસ્તુને નહીં લેવી તે અસ્તેયવ્રત (ત્રીજું મહાવ્રત) કહેલું છે, અને તેને મહર્ષિઓએ સ્વામી અદત્તાદિના ભેદથી ચાર પ્રકારનું કહ્યું છે. ૧૯

विषयेभ्यो मनोज्ञेभ्य, इन्द्रियाणां निवर्तनम् ।
चतुर्थं ब्रह्मचर्याख्यं, व्रतं प्रकीर्तितं ततम् ॥२०॥

**શ્લોકાર્થ :** અનુકૂળ વિષયોથી ઈન્દ્રિયોનું પાછું ફરવું, તે વિસ્તૃત ચોથું બ્રહ્મચર્યવ્રત કહેલું છે. ૨૦

अततं किं पुनस्तद्यद्, मैथुनाद्धि निवर्तनम् ।
तदष्टादशभेदेन, सहितं विहितं बुधैः ॥२१॥

**શ્લોકાર્થ :** તો પછી અવિસ્તૃત ચોથુવ્રત કયું છે ? જે મૈથુનથી-વિષય સેવનથી વિરામ પામવો તે. તે (વ્રત) અઢારભેદો વાળું પ્રાજ્ઞપુરુષોએ કહેલું છે. ૨૧

***તે અઢાર ભેદો કયા છે ? તે જણાવે છે...***

दिव्यौदारिककामानां, मनोवाक्काययोगतः ।
कृतकारितसंमत्या - स्त्यागेनैतद् यतो मतम् ॥२२॥

**શ્લોકાર્થ :** મન, વચન અને કાયાથી, કરણ, કરાવણ અને

અનુમતિ-દ્વારા દિવ્ય અને ઔદારિક કામ-
વિષયોના ત્યાગ વડે આ વ્રત (અઢાર ભેદોવાળું)
મનાયું છે, તેથી તેના અઢાર ભેદો થાય છે. ૨૨

ब्राह्माभ्यन्तरभेदस्य, त्यागः परिग्रहस्य च ।
उपधावपि मूर्च्छाया - स्त्यागस्तत्पञ्चमं व्रतम् ॥२३॥

**શ્લોકાર્થ :** બાહ્ય અને અભ્યંતર ભેદવાળા પરિગ્રહનો ત્યાગ તથા ઉપકરણોમાં પણ મૂર્ચ્છાનો ત્યાગ તે પાંચમું વ્રત કહેવાય છે. ૨૩

***આ પ્રમાણે મહાવ્રતોનું સ્વરૂપ કહ્યા પછી, હવે તે મહાવ્રતોને દઢ બનાવનારી પ્રત્યેક મહાવ્રતોની પાંચ-પાંચ ભાવના જણાવાય છે.***

महाव्रतानां पञ्चानां, दार्ढ्यसंपादनाय हि ।
भावनीयाः क्रमेणेमाः, पञ्चपञ्चैव भावनाः ॥२४॥

**શ્લોકાર્થ :** પાંચેય મહાવ્રતોની દ્રઢતા-સ્થિરતા કેળવવા માટે ક્રમશ: આ પાંચ-પાંચ ભાવનાઓ ભાવવા યોગ્ય છે. ૨૪

[१] ईर्या [२] चादाननिक्षेपो, [३] मनो [४] वाक्संयमौ तथा ।
[५] दृष्टान्नपानग्रहणं, भावनाः प्रथमे मताः ॥२५॥

**શ્લોકાર્થ :** ઈર્યાસમિતિ, આદાન-નિક્ષેપસમિતિ, મનનો સંયમ (મનોગુપ્તિ) વાણીનો સંયમ (વચનગુપ્તિ)

અને દષ્ટ એવા અન્ન-પાણીનું ગ્રહણ આ પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ માનેલી છે. ૨૫

हास्य[1]-लोभ[2]-भय[3]-क्रोध[4] - परिहारेण संयतैः ।
पूर्वालोचित[5]वाचैवं, द्वितीयं भाव्यते व्रतम् ॥२६॥

**શ્લોકાર્થ :** હાસ્ય-લોભ-ભય-ક્રોધના પરિહારથી તથા પૂર્વે સારી રીતે વિચારેલ વાણી દ્વારા સંયતો વડે બીજું મહાવ્રત ભાવિત કરાય છે. ૨૬

इन्द्राद्यवग्रहे[1] याच्ञा, तृणादेर्याचनं[2] तथा ।
सकृद्दत्तेऽप्यधीशेन, भूयोऽपि याचनं स्फुटम्[3] ॥२७॥

अनुज्ञापितवस्त्रान्न, पानादेरुपभोजनम्[4] ।
सधर्मावग्रहे[5] याच्ञा, तृतीये भावना इमाः ॥२८॥

**શ્લોકાર્થ :** ઈંદ્ર-ચક્રવર્તી, રાજા-ગૃહપતિ વગેરે જેના અવગ્રહમાં હોઈએ તેની પાસે અવગ્રહની માંગણી કરવી, તૃણ જેવી પણ વસ્તુ અણપૃચ્છી નહી લેવી એટલે કે જેની જેની જરૂર હોય તે તમામની પણ યાચના કરવી, કોઈપણ વસ્તુના અથવા વસતિ વગેરે ના સ્વામીએ એ વસ્તુ વાપરવા એક વખત રજા આપ્યા છતાં પણ તેની સ્પષ્ટતા કરવા વારંવાર સ્ફુટ રીતે પૂછવું, ગુરુદેવે રજા આપેલ વસ્ત્ર-અન્ન-પાનાદિનો ઉપયોગ કરવો અને સાધર્મિક-સાધુના અવગ્રહની માંગણી કરવી આ ત્રીજા વ્રતની ભાવનાઓ છે. ૨૭-૨૮

प्रणीतात्यशन[1]त्याग:, स्वाङ्गभूषाविवर्जनम्[2] ।
अङ्गनारुचिराङ्गानां, सस्पृहेक्षण[3]वर्जनम् ॥२९॥

तत्संस्तवस्य तद्भुक्त - शय्यादेश्च[4] प्रवर्जनम् ।
स्त्रीकथा[5]त्याग एवं स्यु, श्चतुर्थे पञ्चभावना: ॥३०॥

**શ્લોકાર્થ :** અતિશય વિગઈ યુકત અને માત્રા બહાર આહારનો ત્યાગ, સ્વશરીરની વિભૂષાનો ત્યાગ, સ્ત્રીના મોહક અંગોને ઈચ્છાપૂર્વક જોવાનો ત્યાગ, તેના પરિચયનો ત્યાગ, અને સ્ત્રીએ વાપરેલ શય્યાદિ વસ્તુઓનો ત્યાગ તેમજ સ્ત્રી કથાનો ત્યાગ-આ પ્રમાણે ચોથા વ્રતની પાંચ ભાવનાઓ જાણવી. ૨૯-30

शब्द[1]-रुप[2]-रस[3]-स्पर्श[4] - गन्धानां[5] विषये सदा ।
रतेरिष्टेऽरतेर्द्विष्टे, त्यागत: पञ्चभावना: ॥३१॥

**શ્લોકાર્થ :** સ્પર્શ-રસ-ગંધ-રૂપ અને શબ્દરૂપ ઈંદ્રિયોના વિષયોમાં અનુકૂળ આવે ત્યારે રાગ ન કરવો અને પ્રતિકૂળ આવે ત્યારે દ્વેષ ન કરવો. (આ પાંચમા વ્રતની) પાંચ ભાવના છે. ૩૧

***આ પ્રમાણે મહાવ્રતો સ્વરૂપ યતિધર્મ દશ પ્રકારનો હોવાથી હવે તે દશ પ્રકારોની પ્રરૂપણા કરાય છે.***

मार्दवं[1] चार्जवं[2] क्षान्ति[3] - मुक्त्या[4]किञ्चन[5]संयमा[6]: ।
सत्यं[7] शौचं[8] तपो[9] ब्रह्म[10], धर्मोऽयं दशधा यते: ॥३२॥

**શ્લોકાર્થ :** નમ્રતા (માર્દવ), સરળતા (આર્જવ), ક્ષમા, મુક્તિ (સંતોષ), આકિંચન્ય (નિષ્પરિગ્રહિતા), સંયમ, સત્ય, શૌચ, તપ અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો યતિધર્મ છે. ૩૨

***યતિધર્મમાં વૈયાવચ્ચ અત્યાવશ્યક હોવાથી વૈયાવચ્ચના દશસ્થાનોનો નિર્દેશ કરાય છે.***

अर्हन् सिद्धस्तथाचार्य - स्तुरीयो वाचको वरः ।
संयतो धर्मसिद्धान्तौ, दर्शनं मोहधर्षणम् ॥३३॥

चैत्यं जैनं मतं चेति, वैयावृत्यस्य संस्तुताः ।
दशाङ्कलाञ्छिता भेदा, भक्तितो मुक्तिशर्मदाः ॥३४॥

**શ્લોકાર્થ :** શ્રી અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, આચાર્ય ભગવાન, શ્રેષ્ઠ ઉપાધ્યાય ભગવાન, સાધુ, ક્ષમાદિ દશવિધ યતિધર્મ, સિદ્ધાન્ત, મોહનો તિરસ્કાર કરનાર સમ્યગ્દર્શન, ચૈત્ય (જિન-મૂર્તિ), જિનેશ્વર ભગવાનનો મત (સંઘ) - આ પ્રમાણે વૈયાવચ્ચના દશ ભેદો કહેલા છે કે જે ભક્તિ કરવાથી મુક્તિના સુખને આપનારા છે. 33-3૪

***આવું વૈયાવચ્ચ કરવાથી જે રત્નત્રયીની નિર્મળતા પ્રાપ્ત થાય છે, તે રત્નત્રયીનું સ્વરૂપ હવે કહેવાય છે.***

तादात्म्यं दर्शन-ज्ञान- चारित्रेष्वनुभूयते ।
तदेव शुद्धचारित्रं, मोक्षमार्गस्तथैव च ॥३५॥

सर्वज्ञोक्तार्थसार्थानां, श्रद्धानं दर्शनं मतम् ।
आचारादिश्रुतानां यो, बोधो ज्ञानं खलूच्यते ॥३६॥

सर्वसावद्ययोगानां, रोधश्चारित्रमीरितम् ।
दर्शनज्ञानयुक्तं तद्, मुक्तेर्हेतुरनन्तरः ॥३७॥

**શ્લોકાર્થ :** દર્શન-જ્ઞાન અને ચારિત્રમાં એકાત્મતા અનુભવાય તે જ શુદ્ધ ચારિત્ર છે અને મોક્ષમાર્ગ પણ તે જ છે.

સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલા પદાર્થોના સમૂહની યથાર્થ શ્રદ્ધા તેને દર્શન-સમ્યગ્દર્શન કહેવાય છે. આચારાંગાદિ શાસ્ત્રોનો જે બોધ તેને જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહેવાય છે અને સર્વસાવદ્ય વ્યાપારના પરિહારને ચારિત્ર (સમ્યક્ચારિત્ર) કહેવાયું છે.

દર્શન અને જ્ઞાનથી યુક્ત એવું તે (ચારિત્ર) મુક્તિનું અનંતર કારણ માનવામાં આવ્યું છે.

***આવું ચારિત્ર પણ જે તપથી સાર્થક બને છે, તે તપના બાર પ્રકારો જણાવાય છે.***

चैतन्येन वपुस्तद्व - च्चारित्रं तपसा भवेत् ।
बाह्यं चाभ्यन्तरं षोढा, ह्येवं द्वादशधा च तत् ॥३८॥

अनशनमौनोदर्यं, वृत्तिसंक्षेपणं तथा ।
रसत्यागस्तनुक्लेशो, लीनते'ति बहिस्तप ॥३९॥

प्रायश्चितं वैयावृत्यं, स्वाध्यायो विनयोऽपि च ।
व्युत्सर्गोऽथ शुभं ध्यानं, षोढेत्याभ्यन्तरं तपः ॥४०॥

**શ્લોકાર્થ :** ચેતનાથી (પ્રાણોથી) શરીરની જેમ તપ વડે ચારિત્ર સાર્થક બને છે. આ તપ છ પ્રકારે બાહ્ય અને છ પ્રકારે અભ્યંતર એ પ્રમાણે બાર પ્રકારે છે. તેમાં અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા આ બાહ્યતપ છે અને પ્રાયશ્ચિત્ત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભધ્યાન આ અભ્યંતર, આ પ્રમાણે બાહ્ય તથા અભ્યંતર તપ કહેવામાં આવે છે. ૩૮-૩૯-૪૦

*હવે તે બાર પ્રકારના તપનું સ્વરૂપ રજૂ કરાય છે.*

अशनादिचतुर्भेदा - हारस्य परिवर्जनम् ।
सर्वतो देशतो वाऽत्र, प्रोक्तश्चानशनं[१] तपः ॥४१॥

**શ્લોકાર્થ :** અહીં બાર પ્રકારના તપોમાં અશનાદિ-(અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ) ચાર પ્રકારના આહારનો સર્વથા કે દેશથી ત્યાગ થાય, તે અનશન તપ કહેલો છે. ૪૧

न्यूनत्वमन्नपानादे - र्द्रव्येण सूत्रमानतः ।
क्रुधादे र्भावतस्त्याग, औनोदर्य[२]मितीरितम् ॥४२॥

**શ્લોકાર્થ :** ઊણોદરી તપ, દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે. તેમાં

શાસ્ત્રમાં કહેલ પ્રમાણ કરતાં અન્નપાનાદિની ન્યૂનતા તે દ્રવ્ય ઊણોદરી છે અને ક્રોધાદિકનો ત્યાગ તે ભાવ ઊણોદરી છે. ૪૨

द्रव्यतः क्षेत्रत श्चैव, कालतो भावतस्तथा ।
अभिग्रहेण संक्षेपो, [३]वृत्तेस्तार्तीयकं तपः ॥४३॥

**શ્લોકાર્થ :** ભોજન વૃત્તિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભિગ્રહ-વડે સંક્ષેપ તે ત્રીજો વૃત્તિસંક્ષેપ તપ કહેવાય છે. ૪૩

रसाञ्चितानां द्रव्याणां, त्यागो यत्र विधीयते ।
तत्तु तुरीयभेदस्थं, रसत्या[४]गतपो मतम् ॥४४॥

**શ્લોકાર્થ :** જે તપમાં રસાઢ્ય-માદક દ્રવ્યો પદાર્થોનો ત્યાગ કરાય છે, તે ચોથા ભેદવાળો રસત્યાગ તપ માનેલો છે. ૪૪

शास्त्राविरोधतो यत्र, क्लेशः काये वितीर्यते ।
अप्रतिकर्म देहस्य, तत्काय[५]क्लेशमुच्यते ॥४५॥

**શ્લોકાર્થ :** જે તપમાં શાસ્ત્રથી અવિરુદ્ધ-શાસ્ત્રાનુસારી રીતે કાયા ઉપર કલેશ કરાય, તે શરીરની સારવાર નહીં કરવા રૂપ કાયકલેશ તપ કહેવાય છે. ૪૫

विषयेभ्यः कषायेभ्यो - योगेभ्यश्चात्मगोपनम् ।
संलीनता[६] तपश्चेति, भेदा आभ्यन्तरा ह्यथ ॥४६॥

**શ્લોકાર્થ :** પાંચ ઈંદ્રિયોના વિષયોથી, ચાર કષાયોથી તથા

મન, વચન, કાયાના યોગોથી આત્માનું રક્ષણ કરવું એ પ્રમાણે સંલીનતા તપ કહ્યો છે. ૪૬

***હવે અભ્યંતર તપના ભેદો કહેવાય છે.***

मूलोत्तरेषु दोषाणां, शुद्धिकृत्[१] प्रथमं तपः ।
आलोचनादिभि र्भेदै, र्मतं दशविधञ्च तत् ॥४७॥

**શ્લોકાર્થ :** મૂલ અને ઉત્તરગુણોમાં લાગેલા દોષોની શુદ્ધિને કરનારો આ પ્રથમ તપ (પ્રાયશ્ચિત્ત નામનો) છે અને તે આલોચનાદિ (આલોચના, પ્રતિક્રમણ મિશ્ર, વિવેક, ઉત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય, પારાંચિત) દશ પ્રકારનો છે. ૪૭

आचार्यादिपदस्थेभ्यो - ऽन्नादीनां दानमुत्तमम् ।
धर्मसाधनरूपं तद् - वैयावृत्यं[२] प्रकीर्तितम् ॥४८॥

**શ્લોકાર્થ :** આચાર્યાદિ (આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તક-સ્થવિર-ગણાવચ્છેદક આદિ) પદસ્થોને ધર્મ સાધનામાં સહાયતારૂપ આહાર-પાણીનું ઉત્તમ દાન અર્થાત્ કે તેનાથી તેઓની ભક્તિ કરવી તે 'વૈયાવૃત્ય' (બીજા પ્રકારનો તપ) કહેલું છે. ૪૮

वाचना-पृच्छनाऽऽम्नाया - नुप्रेक्षा धर्मदेशनम् ।
इति पञ्चविधं प्रोक्तं, स्वाध्यायाख्यं[३] तपो बुधैः ॥४९॥

**શ્લોકાર્થ :** વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા

આ પ્રમાણે પાંચ પ્રકારનો 'સ્વાધ્યાય' નામક તપ જ્ઞાનીઓએ કહ્યો છે. ૪૯

ज्ञान-दर्शन-चारित्र - प्रभृतिसप्तभेदकम् ।
विनयाख्यं तपो ह्येतत्, सिद्धिसाधनसाधनम् ॥५०॥

**શ્લોકાર્થ :** જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે (જ્ઞાન-દર્શન-ચારિત્ર-મન-વચન-કાયા-ઔપચારિક) સાત ભેદોવાળો વિનય નામનો તપ કહ્યો છે. એ મુક્તિમાર્ગની સાધનામાં અનન્ય સાધનભૂત છે. ૫૦

द्रव्यतोऽनेषणीयानां, क्रुधादेर्भावतस्तथा ।
चान्ते देहस्य व्युत्सर्ग - स्तपो व्युत्सर्गसंज्ञकम् ॥५१॥

**શ્લોકાર્થ :** દ્રવ્યથી અનેષણીય આહારાદિનો ત્યાગ કરવો, ભાવથી ક્રોધાદિ દોષોનો ત્યાગ કરવો અને અંતે (જીવનના અંતકાળે) દેહનો ત્યાગ (અનશનરૂપ) તે 'વ્યુત્સર્ગ' નામનો તપ કહ્યો છે. ૫૧

निवृत्तिरार्त-रौद्राभ्यां, प्रवृत्ति र्धर्म-शुक्लयोः ।
चेतसो ध्यानमित्युक्तं, षड्विधाभ्यन्तरं तपः ॥५२॥

**શ્લોકાર્થ :** મનને આર્ત્ત-રૌદ્રધ્યાનથી પાછું વાળવું અને ધર્મ-શુકલધ્યાનમાં પ્રવર્તાવવું તે 'ધ્યાન' તપ કહ્યો છે. આ પ્રમાણે છ પ્રકારનો અભ્યંતર તપ કહ્યો. ૫૨

*વાપરવા છતાં પણ નિત્ય તપસ્વી એવા સાધુઓ ઉપરોક્ત તપ કરતાં કરતાં જ્યારે દેહને આધારરુપ આહાર ગ્રહણ કરે છે, ત્યારે પિંડવિશુદ્દિનું પાલન કરતાં હોવાથી હવે તે પિંડવિશુદ્દિનું નિરૂપણ કરાય છે.*

द्विचत्वारिंशतः पिण्ड - दोषाणां परिहारतः ।
आहारे वसतौ वस्त्रे, पात्रे शुद्धिर्मता सता ।।५३।।

**શ્લોકાર્થ :** બેંતાલીશ પિંડદોષો (ગોચરીના દોષો)નો ત્યાગ કરવાથી જ્ઞાનીઓએ આહાર-વસતિ-વસ્ત્ર-પાત્રમાં શુદ્ધિ માનેલી છે. ૫૩

दोषाणां तावतां मध्ये, षोडश श्राद्धजा मताः ।
षोडश व्रतिजा दोषाः, द्वाभ्यां दश समुत्थिताः ।।५४।।

**શ્લોકાર્થ :** ગોચરીના તેટલા (૪૨) દોષોમાં (પહેલા) સોળ દોષો શ્રાવકથી થનારા, (બીજા) સોળ દોષો સાધુથી થનારા અને (છેલ્લા) દશ દોષો સાધુ-શ્રાવક બન્ને વ્દારા થનારા માનેલા છે. ૫૪

श्राद्धजा उद्गमा द्वैती - यका उत्पादनाभिधाः ।
पिण्डैषणाख्यया चान्त्या, दोषाः प्रोक्ता जिनागमे ।।५५।।

**શ્લોકાર્થ :** તેમાં શ્રાવકથી થનારા દોષો-ઉદ્ગમ દોષો, બીજા સોળ દોષો ઉત્પાદન નામના દોષો અને છેલ્લા (૧૦) પિંડૈષણા દોષ નામથી શ્રી જિનેશ્વરદેવના આગમમાં કહેવાય છે. ૫૫

आधाकर्म[१]निमित्ते[२] च, पूर्तिकर्म[३] च मिश्रज[४]: ।
स्थापना[५] प्राभृतश्चा[६]थ, प्रादुष्करण[७]संज्ञकः ।।५६।।

क्रीत[८]प्रामित्य[९]कावभ्या - हृत[१०]श्च परिवर्तित[११]: ।
उद्भिन्नो[१२] मालसंकृष्टा[१३] - छेद्या[१४]निःसृष्टका[१५]स्तथा ।।५७।।

अध्यवपूरक[१६] श्चान्त्यः, षोडशसंख्यका अमी ।
श्राद्धसमुत्थिता दोषा - स्त्याज्या माधुकरीव्रते ।।५८।।

**શ્લોકાર્થ :** ૧૬ ઉદ્‌ગમ દોષો આ પ્રમાણે :- ૧ આધાકર્મ, ૨ નિમિત્ત, ઔદ્દેશિક - ૩ પૂતિકર્મ, ૪ મિશ્રજ, ૫ સ્થાપના, ૬ પ્રાભૃત-પ્રાભૃતિકા, ૭ પ્રાદુષ્કરણ, ૮ ક્રીત - ૯ પ્રામિત્યક, ૧૦ અભ્યાહૃત, ૧૧ પરિવર્તિત, ૧૨ ઉદ્‌ભિન્ન, ૧૩ માલસંકૃષ્ટ-માલાપહૃત, ૧૪ આચ્છેદ્ય, ૧૫ અનિઃસૃષ્ટક અને છેલ્લો ૧૬ અદ્યવપૂરક. શ્રાવકથી લાગતા આ દોષો માધુકરીવ્રતમાં (ગોચરીમાં) ત્યજવા જોઈએ.
૫૬-૫૭-૫૮

धात्री[१]-दूती[२]-निमित्तं[३] चा -जीवो[४] वनीपक[५]स्तथा ।
चिकित्सा[६] क्रोध[७]मानौ[८] च, माया[९] लोभ[१०]स्तथैव हि ।।५९।।

विद्या[११] मन्त्र[१२]स्तथा चूर्णं[१३], योगः[१४] पूर्वापरस्तवः[१५] ।
मूलकर्मेति[१६] पिण्डान्ता, दोषा गौचरीगोचराः ।।६०।।

**શ્લોકાર્થ :** ૧૬ ઉત્પાદનના દોષો આ પ્રમાણે : ૧ ધાત્રી-પિંડ, ૨ દૂતીપિંડ, ૩ નિમિત્તપિંડ, ૪ આજીવપિંડ,

૫ વનીપકપિંડ, ૬ ચિકિત્સા પિંડ, ૭ ક્રોધપિંડ, ૮ માનપિંડ, ૯ માયાપિંડ, ૧૦ લોભપિંડ, ૧૧ વિદ્યાપિંડ, ૧૨ મંત્રપિંડ, ૧૩ ચૂર્ણપિંડ, ૧૪ યોગપિંડ, ૧૫ પૂર્વાપરસ્તવપિંડ, ૧૬ મૂલકર્મ-પિંડ આ પિંડ અંતવાળા દોષો ગોચરી વિષયક છે.

૫૯-૬૦

शङ्कितं[१] म्रक्षितं[२] चैव, निक्षिप्तं[३] पिहितं[४] तथा ।
संहृतं[५] दायकश्चैवो[६] - न्मिश्रा[७]परिणतौ[८] तथा ।।६१।।

लिप्तं[९] छर्दितमित्यन्त्याः[१०], पिण्डदोषा इति स्मृताः ।
अमीभिरुज्झिता भिक्षा, सर्वसम्पत्करी मता ।।६२।।

**શ્લોકાર્થ :** ૧૦ પિંડૈષણાના દોષો આ પ્રમાણે :- ૧ શંકિત, ૨ મ્રક્ષિત, ૩ નિક્ષિપ્ત, ૪ પિહિત, ૫ સંહૃત, ૬ દાયક, ૭ ઉન્મિશ્ર, ૮ અપરિણત, ૯ લિપ્ત અને ૧૦ છર્દિત, આ અંત્ય (છેલ્લા દશ) દોષો છે.

આ પ્રમાણે પિંડ (આહારના) બેંતાલીશ દોષો કહેલા છે. આ બધા દોષોથીરહિત ભિક્ષાને 'સર્વસંપત્કરી' માનવામાં આવી છે. ૬૧-૬૨

*ઉપરોક્ત દોષોથી રહિત એવો આહાર, જે પાંચ દોષો નિવારીને વાપરવાનો હોય છે, તે માંડલીના પાંચ દોષોનું વર્ણન કરાય છે.*

संयोजना च धूमश्चा - ङ्गार प्रमाण कारणाः ।
दोषपञ्चकमुत्सृज्यै - वाहर्तव्यं तपोधनैः ॥६३॥

**શ્લોકાર્થ :** સંયોજના, ધૂમ, અંગાર, પ્રમાણ (પ્રમાણાતીત વાપરવું તે) અને કારણ (આગળ જણાવાતા ૬ કારણ વિના વાપરવું તે) આ પાંચ દોષોને વર્જીને તપરૂપી ધનવાળા (મહાત્માઓએ) વાપરવું જોઈએ. ૬૩

***ઉપર જણાવેલા પાંચ દોષો ટાળીને પણ કયા કારણો હોય તો સાધુ આહાર કરે ? તે જણાવે છે.***

क्षुद्वेदना तथा वैया - वृत्यमीर्यानुपालनम् ।
संयमाराधना प्राण - वृत्तिं धर्मस्य चिन्तनम् ॥६४॥

कस्माश्चित्कारणादेभ्यो निर्ममो निःस्पृहो मुनिः ।
व्याप्रियेत सदाहारं, संयमदेहपोषकम् ॥६५॥

**શ્લોકાર્થ :** ૧ ક્ષુધા વેદના, ૨ વૈયાવૃત્ય (વૈયાવૃત્યના પ્રસંગે દેહને આહારના ટેકાની જરૂર હોય તો), ૩ જીવ-રક્ષા (ઈર્યાસમિતિના પાલન માટે ચક્ષુરિંદ્રિયને સતેજ રાખવા આહારની જરૂર હોય તો), ૪ સંયમસાધના સારી રીતે થાય માટે, ૫ પ્રાણવૃત્તિ (પ્રાણવૃત્તિ ટકાવી રાખવા માટે) અને ૬ ધર્માનુચિંતન (અર્થાત્ કે ધર્મધ્યાન સારી રીતે ધ્યાઈ શકાય તે માટે આહારની જરૂર હોય તો), આ છ કારણોમાંથી કોઈક કારણથી આહારની

લોલુપતા રહિત અને નિ:સ્પૃહ એવા મુનિવર સંયમ સાધક દેહને પોષણ આપનાર, દોષરહિત આહાર વાપરે. ૬૪-૬૫

***ઉપર જણાવેલા કારણે સાધુ આહાર કરે, તો કયા કારણે આહાર ન કરે તે કહે છે.***

आतङ्कोऽप्युपसर्गश्च, ब्रह्मव्रतस्य रक्षणम् ।
देहिनां प्राणरक्षार्थं, तपोहेतुस्तथा परः ॥६६॥

वपुरुत्सर्जनं प्रान्ते, कस्मिन्चिदपि कारणे ।
तिष्ठेत्तदा निराहार - माराधनमतिर्यतिः ॥६७॥

**શ્લોકાર્થ :** ૧ આતંક (કોઈ વ્યાધિ ઉત્પન્ન થયો હોય તો), ૨ ઉપસર્ગ (કોઈ ઉપસર્ગના પ્રસંગે આહારનો ત્યાગ કરાય તે.), ૩ બ્રહ્મચર્યની રક્ષા, ૪ પ્રાણીઓની રક્ષા (વિરાધનાના સંભવમાં આહારનો ત્યાગ કરાય તે), ૫ શ્રેષ્ઠ એવા તપ કરવા દ્વારા આહારનો ત્યાગ કરાય તે, તથા ૬ અંત:કાળે અનશન, આવા કોઈપણ કારણોમાં આરાધનામાં જ મતિવાળા યતિ આહાર વગર રહે. ૬૬-૬૭

***આવા કારણોમાં આહાર નહીં કરનાર સાધુ જે રીતે ક્ષુધાને સહન કરે છે, તે રીતે અન્ય કયા કયા પરીષહોરૂપ કષ્ટને સહન કરે ? તે હવે કહે છે.***

क्षुधा[1] तृषा[2] च शीतोष्णौ[3-4], मश[5]काचेलकौ[6] तथा ।
नार्य[7]रति[8] निषद्या[9] च, श[10]य्याक्रोश[11]व[12]धौ पुनः ॥६८॥

याच[13]नाऽ[14]लाभ आतङ्क[15] - स्तृण[16]स्पर्शो म[17]लस्तथा ।
चर्या[18] प्रज्ञा[19] च सत्कार[20] - स्तथैवाज्ञान[21]दर्शने[22] ॥६९॥

द्वाविंशतिरिति प्रोक्ताः, परिषह्याः परीषहाः ।
मार्गाविच्युतये कर्म - निर्जरार्थञ्च सर्वदा ॥७०॥

**શ્લોકાર્થ :** પરીષહો ૨૨ કહેવાય છે. તેના નામ આ પ્રમાણે : ૧ ક્ષુધા, ૨ તૃષા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ મશક, ૬ અચેલક, ૭ નારી, ૮ અરતિ, ૯ નિષદ્યા, ૧૦ શય્યા, ૧૧ આક્રોશ, ૧૨ વધ, ૧૩ યાચના, ૧૪ અલાભ, ૧૫ આતંક, ૧૬ તૃણસ્પર્શ, ૧૭ મલ, ૧૮ ચર્યા, ૧૯ પ્રજ્ઞા, ૨૦ સત્કાર, ૨૧ અજ્ઞાન, ૨૨ દર્શન, આ પ્રમાણે બાવીશ પરીષહો કહેલા છે કે જે માર્ગથી સ્ખલના ન થાય તે માટે અને કર્મનિર્જરા માટે હંમેશા સહન કરવા યોગ્ય છે.

૬૮-૬૯-૭૦

*આ પરીષહો કષાયો અને ઈંદ્રિયોની અનાધીનતાથી જ સહન કરી શકાય છે. તેથી હવે કષાયોનું વર્ણન કરાય છે.*

कषायाः क्रोधमानौ च, माया लोभस्तथोदिताः ।
निग्राह्याः क्षान्तिमार्दवा - र्जवमुक्तिप्रकर्षतः ॥७१॥

**શ્લોકાર્થ :** ક્રોધ, માન, માયા અને લોભ આ કષાયો કહેલા

છે, તે કષાયોનો ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષના પ્રકર્ષથી નિગ્રહ કરવો જોઈએ. ૭૧

***ઈન્દ્રિય પંચક :***

स्पर्शनं रसनं घ्राणं, चक्षुः श्रोत्रं भवेदिति ।
इन्द्रियपञ्चकं ह्येत - द्दमितव्यं कदश्ववत् ॥७२॥

**શ્લોકાર્થ :** સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર આ પ્રમાણે પાંચ ઈંદ્રિયો છે. વક્ર અશ્વની જેમ એ પાંચેય ઈંદ્રિયોનું દમન કરવા જેવું છે. ૭૨

***હવે આ કષાયોના અને ઈન્દ્રિયોના નિગ્રહથી જ આરાધી શકાય એવો સત્તર પ્રકારનો સંયમ, જે રીતે જણાવાય છે.***

निग्रहस्तु कषायाणां, गुप्तीनां त्रितयं तथा ।
पञ्चेन्द्रियनिरोधश्च, व्रतानां पञ्चकं पुनः ॥७३॥

सप्तदशप्रकारोऽयं, संयमो नियमेन हि ।
आराध्य आदरात् साध्य- मतिभि र्यतिभिस्सदा ॥७४॥

**શ્લોકાર્થ :** ૪ કષાયોનો નિગ્રહ, ૩ ગુપ્તિઓ, ૫ ઈંદ્રિયોનો નિરોધ અને વળી પાંચ મહાવ્રતો - આ પ્રમાણે એકત્ર કરતાં આ ૧૭ પ્રકારનો સંયમ સાધ્ય (મોક્ષ)માં મતિવાળા યતિઓએ હંમેશા આદર-પૂર્વક આરાધવા યોગ્ય છે. ૭૩-૭૪

***બીજો પ્રકાર :-***

अन्यथा च महीवार्य - नलानिलवनस्पति ।
द्व्यक्ष-त्र्यक्ष-चतुरक्ष - पञ्चाक्षाजीवरक्षणम् ॥७५॥

प्रेक्षोपेक्षा प्रमृष्टिश्च, पारिष्ठापनिका तथा ।
मनोवाक्कायगुप्तिश्च, संयमोऽनघजीविनाम् ॥७६॥

**શ્લોકાર્થ :** બીજી રીતે સત્તર પ્રકારનો સંયમ આ પ્રમાણે :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તથા અજીવની રક્ષા કરવી, પ્રેક્ષા, ઉપેક્ષા, પ્રમાર્જના, પારિષ્ઠાપનિકા, મનોગુપ્તિ, વચનગુપ્તિ તથા કાયગુપ્તિ આ અન્યથા ૧૭ પ્રકારનો સંયમ માનેલો છે. ૭૫-૭૬

***ઉપર મુજબ સંયમ દર્શાવ્યા બાદ, તે સંયમ જેનાથી શોભે છે તે બ્રહ્મચર્યની નવ ગુપ્તિના નામો તથા તેનું કાંઈક સ્વરૂપ રજુ કરાય છે.***

शय्या कथा निषद्या चे - न्द्रियं कुड्यान्तरं स्मृतिः ।
स्निग्धाहारोऽतिमात्रश्च, भूषेति ब्रह्मगुप्तयः ॥७७॥

स्त्रीपशुषण्डकाकीर्ण - वसतेः परिवर्जनम् ।
स्त्रीकथावर्जनं तासां, सहासनविवर्जनम् ॥७८॥

आसनादुत्थितायां त, - न्मुहूर्तावधि चोज्झनम् ।
स्त्रीणां रम्येन्द्रियाणां च, सस्पृहेक्षणवर्जनम् ॥७९॥

न स्थेयमङ्ङ्गनावासे,[5] व्यवधानेन कुड्यतः ।
प्राग्रतस्मरणं[6] नैव, कामाग्नेरुपबृंहकम् ॥८०॥

प्रणीतस्यातिमात्रस्य,[7] चाहारस्य[8] विवर्जनम् ।
स्वाङ्गभूषापरित्यागो,[9] गुप्तय इति वर्णिताः ॥८१॥

**શ્લોકાર્થ :** નવ બ્રહ્મગુપ્તિઓ આ પ્રમાણે છે. ૧ શય્યા-વસતિ. ૨ સ્ત્રીકથા. ૩ આસન. ૪ ઈન્દ્રિયેક્ષણ, ૫ કુડ્યાંતર, ૬ સ્મૃતિ, ૭ પ્રણીતાહાર, ૮ અતિઆહાર, ૯ અંગવિભૂષા. આ નવનો વિવેક એટલે કે - ત્યાગ તે નવ બ્રહ્મગુપ્તિઓ છે. તેમાં ૧ સ્ત્રી, પશુ, નપુંસકથી સંસક્ત વસતિનો ત્યાગ કરવો તે. ૨ સ્ત્રીની કથા અથવા સ્ત્રીની સાથે (રાગ વધારનારી) કથાનો ત્યાગ કરવો તે. ૩ તે સ્ત્રીઓની સાથે એક આસન ઉપર બેસવાનો અને તે ઉભી થયા પછી પણ મુહૂર્ત સુધી બેસવાનો ત્યાગ કરવો તે. ૪ સ્ત્રીના મોહક અંગોનું સ્પૃહાપૂર્વક જોવાનું છોડવું તે. ૫ વચમાં ભીંતનું જ માત્ર વ્યવધાન હોય એવા સ્ત્રીના આવાસમાં નહિં રહેવું તે. ૬ કામાગ્નિને પ્રબળ કરનાર એવી પૂર્વે કરેલી કામક્રીડાનું સ્મરણ નહી કરવું તે. ૭ અતિવિગઈવાળા આહારનું વર્જન કરવું તે. ૮ રૂક્ષ પણ અતિપ્રમાણ આહારનું વર્જન કરવું તે. (૯) પોતાના દેહની વિભૂષાનો પરિત્યાગ કરવો તે... આ પ્રમાણે ગુપ્તિઓ વર્ણવેલી છે. ૭૭ થી ૮૧

*સુંદર પ્રકારે બ્રહ્મવ્રતનું પાલન, ભાવનાઓથી ભાવિત બનેલો આત્મા જ કરી શકે છે. તેથી હવે બાર ભાવનાઓ કહેવાય છે.*

अनित्याऽशरणैकत्वाऽ -न्यत्वाऽशुचिभवाभिधम् ।
इदं हि भावनाषट्कं, भवोद्वेगकरं वरम् ॥८२॥

आश्रवः संवरः कर्म - निर्जरा बोधिदुर्लभा ।
लोकस्थितिश्च धर्मस्याऽऽ ख्याताऽर्हन्निति षण्मताः ॥८३॥

एवं कल्याणकारिण्य - रुक्ता द्वादशभावनाः ।
भावितव्या इमा नित्यं, विवेकिभिः प्रयत्नतः ॥८४॥

**શ્લોકાર્થ :** બાર ભાવનાઓ : ૧ અનિત્ય, ૨ અશરણ, ૩ એકત્વ, ૪ અન્યત્વ, ૫ અશુચિ, ૬ સંસાર, આ છ ભાવનાઓ સારી રીતે સંસારનો ઉદ્વેગ કરાવનારી છે. ૭ આશ્રવ, ૮ સંવર, ૯ કર્મનિર્જરા, ૧૦ બોધિદુર્લભ, ૧૧ લોકસ્થિતિ, ૧૨ 'ધર્મના પ્રરૂપક શ્રી અરિહંત છે.' આ રીતે બીજી છ ભાવનાઓ માનેલી છે. આ પ્રમાણે કલ્યાણને કરનારી બાર ભાવનાઓ કહી. તે વિવેકી-પુરુષોએ પ્રયત્ન કરીને હંમેશા ભાવવા યોગ્ય છે. ૮૨-૮૩-૮૪

*બાર ભાવનાઓથી મનની શુદ્ધિ જાળવનારો સાધુ, ક્રિયાની શુદ્ધિ (સફળતા) માટે જે દશધા સામાચારીનું પાલન કરે છે, તે કહે છે*

इच्छा[1]मिथ्या[2]तथाकारा[3], आवश्यकी[4] तथा मता ।
नैषेधिकी[5] च पृच्छा[6] च, प्रतिपृच्छा[7] सुछन्दना[8] ॥८५॥

निमन्त्रणा[9] तथैवान्त्यो - पसंपदा[10] शिवप्रदाः ।
सामाचारी समासेव्या, दशधेयं यथाक्षणम् ॥८६॥

**શ્લોકાર્થ :** ૧ ઈચ્છાકાર, ૨ મિથ્યાકાર, ૩ તથાકાર, ૪ આવશ્યકી, ૫ નૈષેધિકી, ૬ પૃચ્છા, ૭ પ્રતિપૃચ્છા, ૮ સુછંદના, ૯ નિમંત્રણા, તેમજ છેલ્લી ઉપસંપદા. આ મોક્ષને આપનારી દશધાસામાચારી યથા સમય સેવવી જોઈએ.

૮૫-૮૬

***અન્યથા દશધા સામાચારી :-***

प्रतिलेखन[1]भिक्षे[2] चा ऽन्यथा प्रमार्जना[3] तथा ।
आलोचन[4]मितीर्या[5] च, भोजनं[6] पात्रधावनम्[7] ॥८७॥

संज्ञाव्युत्सर्जनं[8] चैव, स्थाण्डिली प्रतिलेखना[9] ।
आवश्यकं[10]मनुष्ठानं, सामाचार्य इमा दश ॥८८॥

**શ્લોકાર્થ :** બીજી રીતે દશધા સામાચારી: ૧ પ્રતિલેખના, ૨ ભિક્ષા, ૩ પ્રમાર્જના, ૪ આલોચના, ૫ ઈર્યાપથિકી, ૬ ભોજન, ૭ પાત્રધાવન, ૮ સંજ્ઞાવ્યુત્સર્જન (લઘુ-વડીનીતિ), ૯ સ્થંડિલ ભૂમિની પ્રતિલેખના તથા ૧૦ આવશ્યક (પ્રતિક્રમણ કાલગ્રહણ વગેરે) અનુષ્ઠાન. આ દશ સામાચારી છે. ૮૭-૮૮

***આ દશધા સામાચારીમાં 'આવશ્યકાદિ' અનુષ્ઠાનમાં સાધુઓની સામાચારી સ્વરૂપ પ્રતિલેખના, સાતવાર ચૈત્યવંદન, વિનય વગેરેનો સમાવેશ થાય છે, તેથી હવે તે કહેવાય છે.***

### ***ત્રણવાર પ્રતિલેખના :***

त्रिकालं व्रतिभि र्नित्यं, विधेया प्रतिलेखना ।
प्राभातिक्यपराह्निक्यौ - द्घाटिका च प्ररूपिता ॥८९॥

प्रथमामध्यमा चैव, समग्रोपधिगोचरा ।
तृतीया च पुनः पात्र - प्रतिलेखनगोचरा ॥९०॥

**શ્લોકાર્થ :** સાધુઓએ હંમેશા ત્રિકાળ પ્રતિલેખના કરવી જોઈએ. ૧ પ્રાભાતિકી, ૨ અપરાહ્નિકી, (મધ્યાહ્ન પછીની), ૩ ઔદ્ઘાટિકી. આ પ્રમાણે ત્રણ પ્રતિલેખના કહી છે. તેમાં પહેલી, બીજી સંપૂર્ણ ઉપધિની કરવાની હોય છે અને ત્રીજી પાત્રની પ્રતિલેખના કહેલી છે. ૮૯-૯૦

### ***સાતવાર ચૈત્યવંદન :***

चैत्ये[१] भोजनपूर्वं[२] च, भोजनानन्तरं[३] तथा ।
दैनप्रतिक्रमारम्भे[४], संस्तारक[५] विधौ पुनः ॥९१॥

निशाप्रतिक्रमे[६] पूर्वं, तस्यान्ते[७] च निरूपिता ।
दर्शनशुद्धिभाक् कुर्यात्, सप्तशश्चैत्यवन्दनाम् ॥९२॥

**શ્લોકાર્થ :** સાતવાર ચૈત્યવંદનો :- ૧ જિનાલયમાં, ૨ આહાર પહેલાં, (પચ્ચક્ખાણ પારતાં કરાય તે.) ૩ વાપર્યા પછીનું, ૪ દૈવસિક પ્રતિક્રમણના પ્રારંભમાં, ૫ સંથારા પોરસીમાં કરાય તે, ૬ રાત્રિક પ્રતિક્રમણના પ્રારંભમાં અને ૭ તેના અંતમાં. આ રીતે સાત ચૈત્યવંદનો કહેલા છે. સમ્યગ્દર્શની શુદ્ધિને ધરનારો મુનિ આ સાત ચૈત્યવંદનો નિત્ય કરે. ૯૧-૯૨

***વિનયના બાવન ભેદ :-***

अर्हन् सिद्धः कुलाचार्यौ, ज्ञानी ज्ञानं गणो गणी ।
सङ्घश्च स्थविरो धर्म, उपाध्यायस्तथा क्रियाः ।।९३।।

एतेषां बहुमानेना - ऽनाशातना सुभक्तितः ।
विनयो वर्णभासेन, द्विपञ्चाशत्प्रभेदकः ।।९४।।

**શ્લોકાર્થ :** ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ કુળ, ૪ આચાર્ય, ૫ જ્ઞાની, ૬ જ્ઞાન, ૭ ગણ, ૮ ગણી, ૯ સંઘ, ૧૦ સ્થવિર, ૧૧ ધર્મ, ૧૨ ઉપાધ્યાય, ૧૩ ક્રિયા. આ ૧૩ પદોનાં બહુમાન, આશાતના નહિં કરવી, સારી રીતે ભક્તિ કરવી અને પ્રશંસા કરવાથી (૧૩ X ૪ = ૫૨) બાવન ભેદનો વિનય થાય છે. ૯૩-૯૪

***આ પ્રમાણે પ્રતિલેખના, ચૈત્યવંદના, વિનય વગેરે કરવા દ્વારા સંયમજીવનની આરાધના કરનારો સાધુ, આગળ વધી***

*સંયમજીવનના અલંકાર સ્વરૂપ અભિગ્રહો, શ્રમણ પ્રતિમા વગેરે ધારણ કરતો હોય છે, તેથી તેનું વર્ણન કરાય છે.*

द्रव्ये क्षेत्रे तथा काले, भावे चानेकभेदतः ।
मनोविजयकामेन, कार्याश्चित्रा अभिग्रहाः ॥९५॥

**શ્લોકાર્થ :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવવિષયક અનેક ભેદોથી મનોવિજયની ઈચ્છાવાળા સાધુએ વિવિધ અભિગ્રહો કરવા જોઈએ. ૯૫

**બાર પ્રતિમા :-**

मासिक्याद्या तथा षट् चै - कैकमासेन वृद्धितः ।
तिस्त्रोऽथ सप्तदैनिक्योऽ होरात्रिकी च रात्रिकी ॥९६॥

द्वादशप्रतिमा एव माराधनपरात्मनाम् ।
कर्मजालापनोदार्थ, मुदाहृता महर्षिभिः ॥९७॥

**શ્લોકાર્થ :** બાર પ્રતિમામાં ૧ લી, ૧ મહિનાની - ત્યાર પછી ૬, ૧-૧ મહિનાની વૃદ્ધિવાળી, એટલે ૨ જી, ૨ મહિનાની, ૩ જી, ૩ મહિનાની, ૪ થી, ૪ મહિનાની, ૫ મી, ૫ મહિનાની, ૬ ઠ્ઠી, ૬ મહિનાની, ૭ મી, ૭ મહિનાની, ત્યાર પછી ૮-૯-૧૦-આ ત્રણ પ્રતિમા ૭ અહોરાત્રિની, ૧૧ મી, ૧-અહોરાત્રિની અને ૧૨ મી, ૧ રાત્રિની. આ પ્રમાણે મહર્ષિઓએ આરાધનાતત્પર સાધુઓને માટે કર્મ સમૂહને દૂર કરવા આ ૧૨ પ્રતિમાઓ કહી છે. ૯૬-૯૭

***ઉપર જણાવ્યાનુસાર સંયમની સાધના કરનાર સાધુને જે સત્તાવીશ ગુણો સ્વભાવગત બને છે, તે હવે કહેવાય છે. -***

***મુનિગુણ સત્યાવીશ :***

षड्व्रतानि च षड्काय - रक्षणलक्षणं पुनः ।
पञ्चेन्द्रियनिरोधस्तु, संयमः क्रोधलोभयोः ॥९८॥

प्रतिलेखनकार्यादौ, विशुद्धि र्योगयुक्तता ।
भावशुद्धिरसत्काय - वाङ्मनोयोगरोधनम् ॥९९॥

परीषहोपसर्गाणां, यावन्मरणदायिनाम् ।
सहनं साम्यभावेन, प्रोक्तामुनिगुणा इमे ॥१००॥

**શ્લોકાર્થ :** ૬ વ્રતો (વ્રત કહેવાથી વ્રતનું પાલન) છ કાયજીવોની રક્ષા, ૫ ઈંદ્રિયોનો નિરોધ, ક્રોધનો અને લોભનો સંયમ, પ્રતિલેખનાદિ કાર્યોમાં વિશુદ્ધિ યોગયુકતતા, (તે, તે ક્રિયાઓમાં તન્મયતા) ભાવની વિશુદ્ધિ, અશુભ મન, વચન, કાયાના યોગોનો નિરોધ, મરણાંત એવા પરીષહો અને ઉપસર્ગો સમતાભાવે સહવા. આ મુનિગુણો કહેલા છે. ૯૮-૯૯-૧૦૦

***ઉપરોક્ત મુનિગુણ ધરનારો મહાત્મા ગુરૂની કઈ કઈ આશાતના વર્જે છે. તે કહેવાય છે. -***

प्रत्यासन्नेऽतिपार्श्वेऽग्रे, गतिस्थानोपवेशनम् ।
गुरोराचमनं पूर्वं, पूर्वमीर्या गुरोस्तथा ॥१०१॥

गुरुश[१२]ब्दयिते मौनं, वार्ता[१३]ऽऽलाप्येण पूर्वकम् ।
अग्रे [१४]लघुमुनीनां तु, भिक्षादोषप्रकाशनम् ॥१०२॥

पार्श्वे शैक्षादि[१५]साधूना - मशनाद्युपदर्शनम् ।
आहारा[१६]र्यं परेभ्यश्च, प्रथमं यन्निमन्त्रणम् ॥१०३॥

साधूनां [१७]दानमन्नादे - रधिकं गुर्वपेक्षया ।
दत्त्वा च [१८]गुरवे किञ्चि - दन्यन्यासः स्वकोदरे ॥१०४॥

[१९]गुरुणाकारितेऽप्यहिन, न हि प्रतिवचस्तदा ।
कर्कशं गुरु[२०]णा साक - मुच्चकैर्जल्पनं बहु ॥१०५॥

**શ્લોકાર્થ :** ગુરુની ૩૩ અશાતના: ગુરુની એકદમ નજીકમાં, એકદમ આગળ, એકદમ નજીક પાછળમાં, ચાલવું, ઉભા રહેવું અને બેસવું, આ રીતે (૩ X ૩ = ૯) ૯ આશાતના થઈ અર્થાત્ કે ગુરુની અત્યંત બાજુમાં જ ચાલવું તે ૧, ગુરુની અત્યંત નજીકમાં જ ઉભા રહેવું તે ૨, ગુરુની અત્યંત નજીકમાં જ બેસવું તે ૩, ગુરુની નજીકમાં જ પાછળ ચાલવું તે ૪, ગુરુની નજીકમાં જ પાછળ ઉભા રહેવું તે. ૫, ગુરુની નજીકમાં જ પાછળ બેસવું તે, ૬, ગુરુની આગળ ચાલવું તે. ૭, ગુરુની આગળ ઉભા રહેવું તે. ૮, અને ગુરુની આગળ બેસવું તે ૯, વાપરતાં ગુરુની પહેલા આચમન પાત્ર શુદ્ધિ કરવી અથવા વડીનીતિમાં ગુરુ કરતા પહેલા દેહશુદ્ધિ કરવી તે ૧૦, સ્થંડિલાદિથી આવ્યા પછી ગુરુ કરતા પહેલા ઈરિયાવહી કરવી તે ૧૧, ગુરુ બોલાવે કે પૂછે ત્યારે મૌન રાખવું તે (રાત્રે) ૧૨, બહારથી કોઈ

વ્યકિત આવી હોય તે ગુરુની સાથે વાત કરે તે પહેલા જ તેને બોલાવી તેની સાથે વાત કરવી તે ૧૩, ગુરુ હોવા છતાં પણ નાના સાધુઓ સમક્ષ ભિક્ષા આલોચવી ૧૪, નવા દીક્ષિત વગેરે સાધુઓને ગુરુ કરતા પહેલા ભિક્ષા દેખાડવી તે ૧૫, ગોચરી વાપરવા માટે ગુરુ મ· કરતા અન્ય સાધુઓને પહેલા વિનંતિ કરવી તે ૧૬, નાના સાધુઓને ગુરુ મ· કરતા વધારે આહાર આપવો તે ૧૭, તે આહાર ગુરુ મ· ને કંઈક આપી બાકી બધો પોતાના ઉદરમાં નાંખવો અર્થાત્ કે પોતે જ વાપરી જવો તે ૧૮. દિવસે ગુરુ મ· બોલાવે કે પૂછે ત્યારે પ્રત્યુત્તર ન આપવો તે ૧૯, ગુરુની સાથે કર્કશ શબ્દોથી ખૂબ સામે બોલવું તે ૨૦,

आसनस्थेन [२१]दातव्यं, गुरूक्ते चोत्तरं खलु ।
शीर्षवन्दनम[२२]कृत्वा, गुरूणामुत्तरं प्रति ॥१०६॥

तुच्छैक[२३]वचनेनैव, भाषणं गुरुणा समम् ।
गुरुदत्त [२४]उपालम्भे, श्रावणं तत्तु तत्प्रति ॥१०७॥

[२५]असुमनस्तया धर्मो - पदेशानुपबृंहणम् ।
उपदेष्टु [२६]र्गुरोरेव, क्षतिप्रोद्भासनं स्फुटम् ॥१०८॥

वक्ष्ये पश्चादहं [२७]व्यासा द्भाषैवं गुरुपर्षदि ।
उपदेशे गुरौ [२८]व्यग्रे, भिक्षादिकालज्ञापनम् ॥१०९॥

स्वपाटवप्रका[२९]शाय, गुरूक्तार्थविवेचनम् ।
स्वपादघट्टिते [३०]गुर्वा - सनादावक्षमापना ॥११०॥

गुर्वासनोपभोग[३१]श्चो - [३२]च्चे समा[३३]सनं आसनम् ।
एता आशातना वर्ज्या, गरूणां विनयोन्नतैः ॥१११॥

**શ્લોકાર્થ :** ગુરુ મ· કાંઈ પણ પૂછે ત્યારે આસને બેઠા બેઠા જ જવાબ આપવો તે ૨૧, 'મત્થએણવંદામિ' કહ્યા વગર ગુરુને જવાબ આપવો તે ૨૨, ગુરુ મ· સાથે તુચ્છકારથી - 'તું'કારથી વાત કરવી ૨૩, ગુરુ મ· કાંઈપણ ઠપકો આપે ત્યારે તેમના જ શબ્દો તેમને સંભળાવવા (તું કેમ સેવા નથી કરતો ? ત્યારે 'તમે કેમ સેવા નથી કરતા એ રીતે.) તે ૨૪, દુર્મનપણાથી ગુરુ મ· ના ઉપદેશની પ્રશંસા નહિં કરવી તે. ૨૫, ગુરુ મ· ઉપદેશ આપતા હોય ત્યારે તેમની કોઈ ક્ષતિ થઈ હોય તો પ્રગટ કરવી તે ૨૬, ગુરુ મ· ની સભામાં 'પછી હું આજ વિષય વિસ્તારથી સમજાવીશ' આ પ્રમાણે બોલવું તે ૨૭, ગુરુ મ· ઉપદેશમાં (ઉપલક્ષણથી કોઈપણ પ્રવૃત્તિમાં) અત્યંત વ્યગ્ર હોય ત્યારે 'ગોચરીનો ટાઈમ થઈ ગયો' વિગેરે કહી વિક્ષેપ પાડવો તે ૨૮, પોતાની હોંશીયારી દેખાડવા માટે ગુરુ મ· એ સમજાવેલ તત્ત્વની વિશેષ છણાવટ કરવી તે ૨૯, ગુરુ મ· ના આસનાદિને પાદ સંઘટ્ટો થઈ જાય તો પણ 'મિચ્છામિ દુક્કડં' ન કહેવું તે ૩૦, ગુરુ મ· ની આસન વિ. ઉપધિનો (બેસવા વિ. દ્વારા) ઉપભોગ કરવો તે ૩૧, ગુરુ મ· થી ઉચ્ચા કે સમ આસને બેસવું તે ૩૨-૩૩, - ગુરુની આ આશાતનાઓ ઉન્નત વિનયને ધરાવનારા (સાધુઓએ) વર્જવી જોઈએ. (૧૦૧ થી ૧૧૧)

*ચરણ સિત્તરિ - કરણસિત્તરિનું વર્ણન પૂર્ણ થતાં હવે દ્રવ્યચારિત્ર અને નિશ્ચય (ભાવ) ચારિત્રની વાત રજૂ કરાય છે.*

चरणकरणाचारा, द्रव्यचारित्रमिष्यते ।
स्थैर्यमात्मगुणेष्वेव, निश्चयेन मतं च तत् ॥११२॥

**શ્લોકાર્થ :** (આ) ચરણસિત્તરિ - કરણસિત્તરિના આચારો એ દ્રવ્ય (વ્યવહાર) ચારિત્ર છે અને આત્મગુણોમાં જ સ્થિરતા રમણ કરવું તે નિશ્ચયથી તે (ચારિત્ર) માનેલું છે. ૧૧૨

*આ પ્રમાણે નિશ્ચયથી (ભાવથી) સાધુપણાને સ્પર્શનારા મહાત્માઓમાં કયા કયા લક્ષણો પેદા થાય છે તે જણાવવા માટે ભાવસાધુના સાત લિંગો જણાવાય છે.*

मोक्षमार्गानुगां शुद्धां, क्रि[१]यां कुर्वन्नृजू[२]त्तमः ।
श्रद्धां च [३]प्रवरां बिभ्रत्, क्रियासु [४]ह्यप्रमद्वरः ॥११३॥

यथाशक्यं तपो[५]द्यानु - ष्ठानकरणतत्परः ।
गुर्वाज्ञा[६]राधकश्चैव, गुण[७]रागी तथा परः ॥११४॥

अमीभि र्धर्मरत्नोक्तै - र्गुणरत्नैर्वृतो व्रती ।
भवेद् भावयति साध - यति सिद्धिं च शीघ्रतः ॥११५॥

**શ્લોકાર્થ :** મુક્તિના માર્ગને અનુસરનારી ક્રિયા કરનાર ૧, અત્યંત સરળ ૨, શ્રેષ્ઠ કોટિની જિન વચનની શ્રદ્ધા ધરનારો ૩, પ્રત્યેક ક્રિયાઓમાં અપ્રમત્ત ૪,

યથાશક્તિ તપ વિગેરે અનુષ્ઠાનો કરવામાં તત્પર ૫, ગુર્વાજ્ઞાની સારી રીતે આરાધના કરનારો ૬, તથા પરમ ગુણાનુરાગી ૭, ધર્મરત્ન પ્રકરણમાં કહેવાયેલ આ ગુણરત્નોથી યુક્ત એવો વ્રતી (સાધુ) ભાવ યતિ થાય છે અને શીઘ્રપણે મુક્તિને સાધે છે. ૧૧૩-૧૧૪-૧૧૫

***આ પ્રમાણે ભાવયતિના ૭ ગુણોના ધાતા મુનિવર માટે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં જે બાર ઉપમાઓ વર્ણવેલ છે, તેની ઘટના હવે જણાવાય છે.***

[१]सर्पा[२]च[३]ला[४]ग्न्यर्ण[५]व[६]भूनभो [७]द्रु, [८]भृङ्गै [९]ण [१०]प[११]द्मार्क [१२]समीरणानाम् ।
पराश्रयत्वादिगुणैरुपेतान् वाचंयमास्ताँन् प्रणमामि भकत्या ॥११६॥

**શ્લોકાર્થ :** સર્પ, અચલ, અગ્નિ, સમુદ્ર, પૃથ્વી, આકાશ, વૃક્ષ, ભ્રમર, મૃગ, કમળ, સૂર્ય અને વાયુ આ બાર પદાર્થોના જે પરાશ્રયત્વાદિ ગુણો, તેનાથી સમેત એવા વાચંયમ સાધુઓને ભક્તિપૂર્વક હું નમસ્કાર કરું છું. ૧૧૬

***હવે તે એકેક પદાર્થના ગુણો સાધુમાં ઘટાવાય છે.***

१ यथोरगो वसेन्नित्यं, परकृताश्रये तथा ।
यो वसति परावासे, नमस्तस्मै महात्मने ॥११७॥

**શ્લોકાર્થ :** જે રીતે સર્પ, પોતાને રહેવા માટે ખાસ રાફડો બનાવતો નથી પણ માટીના ઢગલાથી સ્વત:

તૈયાર થયેલ રાફડામાં રહે છે, તેમ અન્યએ પોતાના માટે બનાવેલ આવાસમાં વસનારા તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૧૭

२ परीषहोपसर्गेषु, मेरुवन्निष्प्रकम्पकः ।
३ अग्निरिव तपस्तेजा, नमस्तस्मै महात्मने ।।११८।।

**શ્લોકાર્થ :** જેમ મેરુપર્વત ગમે તેવા ઝંઝાવાતોમાં ય નિષ્કંપ હોય છે, તેમ જે મુનિઓ પરીષહો અને ઉપસર્ગોમાં નિષ્કંપ રહે છે, તથા જેમ અગ્નિ જ્વલંત હોય છે, તેમ જે મુનિઓ તપના તેજવાળા હોય છે તે મહાત્મા-મુનિઓને નમસ્કાર થાઓ ! ૧૧૮

४ यो गम्भीरोऽब्धिवद् ज्ञाना - दिरत्नानां महाकरः ।
स्वमर्यादानतिक्रामी, नमस्तस्मै महात्मने ।।११९।।

**શ્લોકાર્થ :** જેમ સમુદ્ર ગંભીર હોય છે, ૨ રત્નોનો આકાર હોય છે અને ૩ મર્યાદાનું ઉલ્લંઘન નહિ કરનાર હોય છે. તેમ જે મુનિ પણ ગંભીર છે. (રાગ-દ્વેષની અસરથી રહિત છે.), જ્ઞાનાદિ રત્નોનો આકર છે અને સાધુપણાની મર્યાદાનો પાલક છે. તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૧૯

५ सर्वंसहेव यो सर्वं, सहतेऽग्लानचित्ततः ।
६ आकाशवन्निरालम्बो, नमस्तस्मै महात्मने ।।१२०।।

**શ્લોકાર્થ :** જેમ પૃથ્વી બધું જ સહન કરે છે, તેમ જે ગ્લાનિ

વગર સઘળું સહે છે, વળી આકાશની માફક નિરાલંબપણે જીવનારા એવા તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૨૦

७ सुखे दुःखेऽपि नोद्भूता, वृक्षवच्चित्त विकृतिः ।
८ भृङ्गवद् गौचरीवृत्ति, र्नमस्तस्मैमहात्मने ॥१२१॥

**શ્લોકાર્થ :** સુખ, દુ:ખના પ્રસંગમાં પણ વૃક્ષની માફક જેમને (જરા પણ) ચિત્તવિકૃતિ પેદા થતી નથી તેમજ ભમરની માફક ગૌચરીની વૃત્તિ જે ધારણ કરે છે, એવો તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૨૧

९ मृग समो भवोद्विग्नः, पङ्कजमपि[१०] पङ्कजम् ।
कामभोगैस्तथाऽलिप्तो, नमस्तस्मै महात्मने ॥१२२॥

**શ્લોકાર્થ :** જેમ હરણ ભીરૂ છે, તેમ જેઓ સંસારના ભયથી ઉદ્વિગ્ન છે; વળી કાદવમાં ઉત્પન્ન થયેલું કમળ પણ જેમ કાદવથી અલિપ્ત રહે છે. તેમ જેઓ - કામ અને ભોગોથી અલિપ્ત રહે છે. તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૨૨

११ प्रकाशयति यो विश्वं, भानुरिव मरुद्यथा[१२] ।
विहारेऽप्रतिबद्धाय, नमस्तस्मै महात्मने ॥१२३॥

**શ્લોકાર્થ :** જેમ સૂર્ય વિશ્વને પ્રકાશિત કરે છે, તેમ જેઓ (ષડ્દ્રવ્યમય) વિશ્વને પ્રકાશિત કરે છે; વળી

વાયુની માફક જેઓ અપ્રતિબદ્ધપણે વિહાર કરનારા છે, એવા તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૨૩

द्व्यधिकदशभिर्ह्येतै- रनुयोगविवर्णितैः ।
उपमानैरुपेताय, नमस्तस्मै महात्मने ॥१२४॥

**શ્લોકાર્થ :** શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં વર્ણવેલા આ બાર ઉપમાનો વડે ઉપેત એવા તે મહાત્માને નમસ્કાર થાઓ ! ૧૨૪

एवमुक्तः समासेन, साध्वाचारसमुच्चयः ।
स्खलनं यद्भवेदत्र, शोधयन्तु विपश्चितः ॥१२५॥

**શ્લોકાર્થ :** આ પ્રમાણે સંક્ષેપથી 'સાદવાચાર સમુચ્ચય' કહ્યો. આ ગ્રંથમાં જો કાંઈ પણ સ્ખલના ક્ષતિ હોય તો તે વિદ્વાન પુરૂષો શુદ્ધ કરે ! ૧૨૫

श्री रामचन्द्रसूरिपादपदाब्जयुग्मे,
लीनालिशालिमुनिना नयवर्धनेन ।
दृब्धाद्धि साधुचरणस्य विशुद्धयेऽस्माद्,
सद्यो भवन्तु यतयो व्रतलब्धलक्ष्याः ॥१२६॥

**શ્લોકાર્થ :** શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પદકમળ-યુગલમાં લીનભમરની જેમ શોભતાં મુનિ નયવર્ધન વિજયે સાધુઓના ચારિત્રની શુદ્ધિ માટે બનાવેલા આ (સાદવાચાર સમુચ્ચય

પ્રકરણ)થી યતિઓ (મુનિઓ) સત્વર વ્રત પાલનમાં લક્ષ્યવાળા થાઓ ! ૧૨૬

*પરિસમાપ્તિ :*

વિક્રમ સંવત ૨૦૩૭ ચૈત્ર વદ ૮, સોમવાર,

ગામ - ઉંબરી (પાટણ પાસે).

## શ્રી ભારતવર્ષીય જિનશાસન સેવા સમિતિના અન્વયે
## તથા
## 'પદ્મ પરાગ પ્રકાશન'ના ઉપક્રમે ચાલતા
## સમ્યક્ સાહિત્યના પ્રકાશનમાં
## રૂા. ૧૧,૧૧૧/- નું
## યોગદાન કરી શ્રુતભક્તિ કરનારા મહાનુભાવો...

| | | | |
|---|---|---|---|
| સતીષભાઈ વી. જરીવાલા | વાલકેશ્વર. | રશ્મિબેન શાહ | સાયન. |
| ભારતીબેન ડી. શાહ | મુંબઈ. | કલ્પનેશભાઈ બી. જરીવાલા | વાલકેશ્વર. |
| શાંતિલાલ વી. દોશી | ચંદનબાળા. | દીપકભાઈ એસ. ઝવેરી | મુંબઈ. |
| શારદાબેન બી. મહેતા | મુંબઈ. | કાંતિલાલ કે. શાહ | અમદાવાદ. |
| રસિકલાલ ઝેડ. શાહ | અચ્છારી. | આશાબેન જે. શાહ | ચંદનબાળા. |
| અરુણાબેન એન. કંપાણી | મુંબઈ. | કોશાબેન બી. શાહ | અમદાવાદ. |
| જવાહરભાઈ એચ. શાહ | મુંબઈ. | જયંતભાઈ કે. ઝવેરી | હોંગકોંગ. |
| નરેશભાઈ જે. જૈન | મુંબઈ. | એક સુશ્રાવિકા બહેન | મુંબઈ. |
| શકુંતલાબેન એલ. સીંધી | મુંબઈ. | લાલભાઈ વી. શાહ | અમદાવાદ. |
| કે. પી. શાહ | અમદાવાદ. | મંછુબેન ઉકચંદજી | અમદાવાદ. |

સ્વ. રતનબેનના સ્મરણાર્થે હા. ગુણશી માલશી છેડા - મુંબઈ.

| | | | |
|---|---|---|---|
| ચંપકલાલ હીરાચંદ | અમદાવાદ. | કલાવતીબેન એસ. નહાર | વાપી. |

શારદાબેન વ્રજલાલ શાહ અમદાવાદ.

## રૂા. ૫,૦૦૧/- ભરી
## શ્રુતભક્તિમાં સહયોગી બનનારા મહાનુભાવો...

| | | | |
|---|---|---|---|
| કે. કે. શાહ | અંધેરી. | રસિકભાઈ દેઢિયા | પાર્લા. |
| વિજયકુમાર બી. શાહ | સાયન. | સુધીરભાઈ આર. શાહ | અંધેરી. |
| કળાબેન આર. શેઠ | સાયન. | વિનોદભાઈ શેઠ | અંધેરી. |

## રૂા. ૨,૦૦૧/- ભરી નવા આજીવન
## સભ્ય બનેલ મહાનુભાવો...

શ્રી ચેતનકુમાર આર. શાહ — શ્રી ઉપેન્દ્રભાઈ એચ. શાહ

શ્રી અશોકકુમાર એચ. શાહ — શ્રીમતી શારદાબેન વી. શાહ

શ્રીમતી દર્શનાબેન એન. શાહ

## પૂ. ગણિવર્ય શ્રી નયવર્ધન વિજયજી મ.સા. દ્વારા લિખિત સંપાદિત અને શ્રી પદ્મ પરાગ પ્રકાશન દ્વારા પ્રકાશિત પુસ્તકો...

| | | | |
|---|---|---|---|
| ૧. | ચડિયે વ્રત પગથાર | આ. ત્રીજી | ૧૦/- |
| ૨. | સમાધિ જ્યોત | આ. ત્રીજી | ૧૨/- |
| ૩. | પ્રવચન પદ્મ પરાગ | ભા-૧,૨,૩ | ૧૨,૧૫,૧૨/- |
| ૬. | દીજયે ભક્તિ પરાગ | આ. બીજી | ૧૫/- |
| ૭. | સમાધિ સ્રોત | આ. છઠ્ઠી | ૩/૫૦ |
| ૮. | ભવાલોચના | | ૫/- |
| ૯. | શ્રી શત્રુંજય લઘુકલ્પ | | ૫/- |
| ૧૦. | વીશ સ્થાનક વિધિએ તપ કરી | | ૧૫/- |
| ૧૧. | પ્રવચન પદ્મ પરાગ (હિન્દી) ભા.-૧,૨ | | ૨૦/- |
| ૧૨. | ગુરુ ગુણ સ્તવના | | ૧૫/- |
| ૧૩. | યોગદષ્ટિ | | ૨૫/- |
| ૧૪. | શ્રી દ્વાદશપર્વ કથા સંગ્રહ | (પ્રત) | - |
| ૧૫. | શ્રી ઉપદેશ તરંગિણી | (પ્રત) | - |
| ૧૬. | પ્રકાશના કિરણો | | ૩૫/- |
| ૧૭. | શત્રુંજય સૌરભ | | ૨૦/- |
| ૧૮. | ચૈત્રી પુનમના દેવવંદન | | ૨૦/- |
| ૧૯. | ભાવશ્રાવકની ભવ્યતા | | ૫૦/- |
| ૨૦. | સોહમ કુલ કલ્પવૃક્ષ-ગણધર યુગપ્રધાન દેવવંદન | | ૧૭/- |
| ૨૧. | સદાચાર સુમન | | ૨૭/- |

व्रतपञ्चकम्

अभिग्रहाः

श्रमणधर्म

वैय्यावृत्त्यम्

दर्शनं

भावना

## સાધ્વાચાર-સદાચાર

પરમતારક પરમાત્માએ સાધુનું જીવન એવું અનુપમ,
અદ્ભુત અને આશ્ચર્યકારી દેખાડ્યું છે કે,
એ સાધુપણાનાં તમામ આચારો જો સુપેરે પાળવામાં આવે,
તો તેમાં તમામ સદાચારોનો સમાવેશ થઈ જાય છે.
ચરણસિત્તરિમાં અને કરણસિત્તરિમાં પ્રમુખપણે
તમામ સાધ્વાચારોનો સમાવેશ થાય છે.

कषायनिग्रहः

આવા સાધ્વાચારોનું ટૂંકમાં પણ એક જ
પ્રકરણમાં વર્ણન ઉપલબ્ધ થાય
તેવા આ નૂતન પ્રકરણની રચના પૂ. ગણિવર્યશ્રીજીએ કરેલી છે.

પૂજ્યશ્રીની આ નવિનકૃતિ આરાધક આત્માઓ
માટે નવલું નજરાણું બનીને આવી છે.

गुप्तित्रयम्

नमो धम्मचक्कवट्टीणं

पद्मपराग प्रकाशन

प्रतिमा

इन्द्रियनिरोधः

COVER DESIGN
Multy Graphics
(022) 3873222 / 3884222